વારાણસીમાં નરેન્દ્ર મોદી ૨૪મીએ ઉમેદવારીપત્ર ભરશે

પ્રથમ બે તબક્કાની ૨૧ પૈકી ૧૮માં ભાજપ જીતશે : ઉત્તરપ્રદેશમાં ભાજપ તરફી મતદાનઃ ઉમેદવારી પત્ર ભરવાના છેલ્લા દિવસે જ મોદી ઉમેદવારી નોંધાવશે : મોદી લહેર સુનામીમાં ફેરવાશે : અમિત શાહ

લખનૌ, તા. ૧૯

તમામ પ્રકારની અટકળોનો અંત આણીને ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના નજીકના વિશ્વાસુ અમિત શાહે આજે જાહેરાત કરી હતી કે, નરેન્દ્ર મોદી ૨૪મી એપ્રિલના દિવસે તેમના ઉમેદવારીપત્રો ભરશે. આની સાથે જ આ અંગે ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો હતો. મોદીની ઉમેદવારીપત્રો ભરવાની તારીખની જાહેરાત કરતા મિડિયામાં અટકળોનો અંત આવી ગયો છે. મોદી માટે સૌથી સારા શુભ દિવસ તરીકે ૨૪મી એપ્રિલને ગણવામાં આવે છે. બીજી બાજુ રાજ્ય ભાજપના હેડક્વાર્ટર ખાતે અમિત શાહે કહ્યું હતું કે, મોદી ૨૪મી એપ્રિલના દિવસે ઉમેદવારી પત્રો દાખલ કરશે. ભાજપના વરિષ્ઠ નેતા સુનિલ બંસલે કહ્યું છે કે, વારાણસીમાંથી મોદી દ્વારા ઉમેદવારીપત્રો દાખળ કરવામાં આવ્યા બાદ ચૂંટણી માહોલમાં ગરમી આવશે. હાલમાં જે પવનો ફુંકાઈ રહ્યા છે તે સુનામીમાં ફેરવાઈ જશે. રસપ્રદ બાબત એ છે કે, આ તબક્કા માટે ઉમદેવારીપત્ર ભરવાના છેલ્લા દિવસે મોદી તેમની ઉમેદવારી નોંધાવશે. અમિત શાહે દાવો કર્યો છે કે, ઉત્તરપ્રદેશમાં હજુ સુધી બે તબક્કામાં મતદાન થઇ ચુક્યું છે. તેમના અહેવાલ મુજબ ભાજપ કુલ ૨૧ બેઠક પૈકી ૧૮માં જીત મેળવશે.

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૯ | ૨૦ એપ્રિલ, ૨૦૧૪, રવિવાર; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

● અન્નાએ 'નોટા'નું બટન દબાવ્યું

જાણીતા સામાજીક વરિષ્ઠ

આગેવાન અન્ના હજારેએ મહારાષ્ટ્રમાં મતદાન કરતાં 'નોટા'નું બટન દબાવ્યાનાં અહેવાલા ભારે ચર્ચા જગાવી છે. અન્ના હજારેના મતે નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી કે કેજરીવાલ ત્રણમાંથી કોઈને તેઓ પસંદ કરતા નથી તેથી તેમણે પક્ષ રહીત આધાર પર મતદાન કર્યાનું જણાવ્યું હતું.

રાજ ઠાકરે ટીવી એન્કર સાથે બાખડયા

મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના સુપ્રિમો રાજ ઠાકરે ગુરુવારે રાત્રે 'ટાઈમ્સ નાઉ' ન્યુઝ ચેનલમાં મુલાકાત સમયે અન્કર અર્નબ

ગોસ્વામી સાથે બાખડયા હતાં. તેમણે કહ્યું હતું કે હું મુલાકાત આપવા આવ્યો છું. પુછપરછ માટે નહિ. ભાજપને નહિ મોદીને ટેકો આપુ છું.

'ગેટ વેલ સુન કેજરી' વારાણસીમાં નવા પોસ્ટર

વારાણસીમાં ચુંટણી જંગ પોસ્ટર યુદ્ધથી છવાયો છે. નરેન્દ્ર મોદી સામે ચુંટણી લડવા વારાણસી પહોંચેલા અરવિંદ કેજલીવાલ વિરોધોને સામનો કરવો પડે છે. ગુરુવારની રાત્રે બનારસના વિખ્યાસ ચોકમાં પાન ખાવા કેજરીવાલ પહોંચ્યા ત્યારે ભાજપના કાર્યકરો દ્વારા 'ગેટ વેલ સુન કેજરી' પોસ્ટરો પ્રદર્શિત કરી વિરોધ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીના આદેશથી ઈવીએમ વાસ્તુશાસ્ત્ર મુજબ ગોઠવાયું

કોલાલ લોકસભા બેઠક

પરથી ચુંટણી લડી રહેલ કેન્દ્રિય મંત્રી કે.એચ. મુનિયપ્પાએ ચુંટણી અધિકારીને ઈ.વી.એમ. પર ટૂચકુ કરાવી વાસ્તુશાસ્ત્ર મુજબ ગોઠવવા આદેશ આપ્યો હતો. જો કે વાદ-વિવાદ બાદ ચુંટણી અધિકારીની તાત્કાલિક બદલી કરાઈ હતી.

જિલ્લામાં આચારસંહિતા ભંગની ૨૩ ફરિયાદો

કોંગ્રેસે પાંચ ફરિયાદો કરી તો ભાજપે 3 ફરિયાદ કરી છે : મોટા ભાગની ફરિયાદો વહીવટીય પ્રકારની સામાન્ય જણાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આચાર સંહિતા ભંગની ૨૩ ફરિયાદો આજ સુધીમાં નોંધાઈ છે. જેમાં ૧ કિસ્સામાં પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલી આચારસંહિતા ભંગની ફરિયાદોમાં કોંગ્રેસે પાંચ ફરિયાદો નોંધાવી છે જ્યારે ભારતીય જનતા પક્ષે ૩ ફરિયાદો નોંધાવી છે. ભાજપના અમદાવાદ પૂર્વના ઉમેદવાર શ્રી પરેશ રાવલ સામે કોંગીના દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે નોંધાવેલી બે ફરિયાદોનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં વહીવટીય પ્રકારની ૧૮ જેટલી ફરિયાદો નોંધાઈ છે. મળતી વિગતો પ્રમાણે ૨ જેટલી ફરિયાદો આખરી નિર્ણય પર બાકી છે. જે અંગેનો નિર્ણય જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઝડપથી લેવામાં આવશે.

જિલ્લામાં જે ફરિયાદો નોંધાઈ છે તેમાં ગાંધીનગર તાલુકામાંથી સૌથી વધુ છે. આ પછી દહેગામ અને કલોલ તાલુકો આવે છે. ગાંધીનગર તાલુકામાંથી ૧૬ ફરિયાદો નોંધાઈ છે. માણસા અને કલોલમાંથી ૨-૨ ફરિયાદો નોંધાઈ છે જ્યારે દહેગામમાંથી ૩ ફરિયાદો નોંધાઈ છે.

મિશન ૨૬ માટે મોદી સજ્જ

મતદાન પહેલા શ્રેણીબદ્ધ રેલીઓ યોજશે : થ્રીડી સભા, રોડ શોનું આયોજન : રાહુલ અને સોનિયા ગાંધીની અસરને ઘટાડાશે : ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ

અમદાવાદ,તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યમાં મિશન ૨૬ને સફળરીતે પાર પાડવા તૈયારી કરી ચુક્યા છે અને ૨૩મી મેથી ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરવાની તૈયારી કરી ચુક્યા છે. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે. આને લઈને ચૂંટણી પંચ દ્વારા તથા અન્ય સંસ્થાઓ દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. નરેન્દ્ર મોદી મતદાનના છેલ્લા સપ્તાહમાં સંખ્યાબંધ જાહેર સભા કરનાર છે. આ ઉપરાંત થ્રીડી સભા પણ યોજનાર છે. મોદી ચૂંટણી પહેલાના અંતિમ અઠવાડિયામાં મેદાનમાં ઉતરશે. આ ગાળામાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ ચૂંટણી સભાને સંબોધનાર છે. મોદી અનેક સભાઓ યોજશે. આ ઉપરાંત ૩૦૦થી વધુ થ્રીડી સભા અને રોડ શો પણ સાથે યોજનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

કલોલ તાલુકાના ૩ ગામ મેલેરિયા માટે સંવેદનશીલ

૧૬મી મે થી આ ગામોમાં એન્ટી લારવેલ કામગીરીના ભાગરૂપે દવા છંટકાવની કામગીરી હાથ ધરાશે જે એક સપ્તાહ ચાલશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકાના ૩ ગામોને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તાર ગણીને એન્ટી લારવેલની સામુહિક કામગીરી અંતર્ગત ખાસ દવા છંટકાવનો કાર્યક્રમ ૧૬મી મે થી શરૂ કરાશે.

જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર તરીકે જાણીતા કલોલ તાલુકાના વાયણા, રાંચરડા અને હાજીપુર ગામોને વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે ગણવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ ૩ ગામોની વસ્તી ૮૫૦૦ જેટલી નોંધાયેલી છે. આ દવા છંટકાવની કામગીરી આરોગ્યતંત્રની ખાસ ટીમો દ્વારા કરવામાં આવશે અને તે કામગીરી એક સપ્તાહ સુધી ચાલશે.

આ ત્રણેય ગામોમાં જે દવાનો છંટકાવ કરવામાં આવનાર છે તેનુ નામ આલ્ફા સાયપર મેટ્રીન છે અને તે લગભગ ૨૫૦ કિલો જેટલી વાપરવામાં આવશે.

અગાઉના વર્ષે જિલ્લાના ચાર ગામો સંવેદનશીલ કેટેગરીમાં આવતા હતા જ્યારે આ વર્ષે તેમાં ઘટાડો નોંધાયો છે અને ૩ ગામો સંવેદનશીલ કેટેગરીમાં આવ્યા છે. આ સંવેદનશીલ ગામો તંત્રના વિવિધ માપદંડોને ધ્યાને રાખી નિયત કરવામાં આવતા હોવાનું જાણવા મળેલ છે.

હું બહારનો નહિ ગાંધીનગર જિલ્લાનો વતની છું : પરેશ રાવલ

ગાંધીનગર (દ)ના લોકસંપર્ક અભિયાનમાં પરેશ રાવલને સારો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૧૯

હું બહારનો નહિ ગાંધીનગર

જિલ્લાનો જ વતની છું. મને મત એટલે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે બેસાડવાની આપણી સૌ ગુજરાતીની ફરજનો ભાગ છે તેવી હૃદય સ્પર્શી અપીલ આજે ગાંધીનગર (દ) બેઠકના ગામ વિસ્તારોને ખુંદતા ભાજપના શ્રી પરેશ રાવલે લોકોને કહ્યું હતું.

તેમણે કહ્યું કે તેઓ કલોલ તાલુકાના પલીયડ ગામના વતની છે અને ગુજરાતી છે. ગુજરાતી વડાપ્રધાન દેશને મળવાના છે ત્યારે આપણા નરેન્દ્રભાઈના હાથને વધુ મજબુત બનાવવા પડશે. આપણે સૌ એક મેકને અલગથી નહિ એક થઈ ગુજરાતનો અવાજ બુલંદ બનાવીએ.

શ્રી પરેશ રાવલે આજે સવારથી ગાંધીનગર (દ) મતવિસ્તારમાં આવતા ગામડાઓ દશેલા, છાલા, માધવગઢ, ચિલોડા, ગિયોડ, ડભોડા, સાદરા, ધણપ, જાખોરા, દોલારાણા વાસણા સહિતના ગામોનો લોકસંપર્ક કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧